सौराष्ट्र युनिवर्सिटी
परीक्षा विभाग-०१
युनिवर्सिटी केम्पस, युनिवर्सिटी रोड, राजकोट – ३६०००५
फोन नं. : (०२८१) २५७६५११ एक्सटे. नं. ७३६-७३७-७३८
फेक्स नं.:(०२८१)२५८६४११ ई-मेईल : exam01@sauuni.ac.in

ક્માંક પરીક્ષા/૦૧/ ૫૮ /૨૦૨૩

તા. ૦૯ -૦૩-૨૦૨૩

સંદર્ભ- પરીક્ષા વિભાગ ૦૧ ની તા. ૨૧-૦૨-૨૦૨૩ ની નોધમાં મળેલ આદેશ મુજબ

પરીપત્ર

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમાંમ વિધાશાખાના કોલેજોનાં આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી સંચાલીત અનુસ્નાતક ભવનનાં અધ્યક્ષશ્રીઓને તેમજ સંલગ્ન કોલેજોમાં ચાલતા અનુસ્નાતક સંસ્થાઓના વડાઓને જણાવવાનુ કે હવેથી પેનલ્ટી ફોર્મસ પેનલ્ટી ફી (રેગ્યુલર ફી + રૂ! ૫૦૦ + રૂ! ૪,૫૦૦/-)માં કોલેજ દ્વારા જ સ્વીકારવાના રહેશે અને તેની ઓનલાઈન એન્ટ્રી પણ કોલેજ દ્વારા જ કરવાની રહેશે આ માટે કોલેજોને તા.૦૫/૦૪/૨૦૨૩ થી ચાલુ થતી પરીક્ષાઓ માટે તા.૨૮/૦૩/૨૦૨૩ના રોજ એક જ દિવસ માટે પેનલ્ટી ફી (રેગ્યુલર ફી + રૂ! ૫૦૦ + રૂ! ૪,૫૦૦/-) ફોર્મ નું પોર્ટલ ખોલી આપવા માં આવશે જેમાં તમામ પેનલ્ટી ફોર્મસ ની એન્ટ્રી કોલેજોએ કરવાની રહેશે. ત્યારબાદ કોઈ પણ સંજોગો માં પેનલ્ટી ફોર્મસની એન્ટ્રી ઓપેન કરવામાં આવશે નહી જેની નોંધ લેવા વિનંતી.

યુનિવર્સીટી વેબસાઈટમાં પેનલ્ટી ફીની ઓનલાઈન એન્ટ્રી બાદ બીજે દિવસે તેની ઓનલાઇન ફી ભરી તેનો ફી મેમો અને વિદ્યાર્થીની યાદીની પ્રિન્ટ exam01@sauuni.ac.in ઈ-મેઈલ મારફત યુનિવર્સીટી કાર્યાલયમાં પરીક્ષા-૦૧ માં મળી જાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે. દરેક અભ્યાસક્રમ – સેમેસ્ટર દીઠ ચલણ તથા પેનલ્ટી ફી ની રકમ અલગ અલગ જમા કરાવવાની રહેશે.

પરીક્ષા નિયામક

(૧) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમાંમ વિધાશાખાના આચાર્યશ્રીઓ તરફ

(૨) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજમાં ચાલતા અનુસ્નાતક કેન્દ્ર અને માન્ય સંસ્થાના વડાઓ

(૩) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંચાલીત તમાંમ અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રીઓ

<u>નકલ રવાના:-</u>

(૧) મા. કુલપતિશ્રી/.મા.કુલસચિવશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

(૨) વિભાગીય અધિકારીશ્રી, પરીક્ષા વિભાગ-૦૨-૦૩-૦૪-૦૫ તથા પરીક્ષા કોમ્પ્યુટર સ્ટોર્સ

નોંધ :- તમારું એકસ્ટર્નલ સેમેસ્ટર-૬ ના વિદ્યાર્થીઓએ ખાસ નોંધ લઈ કોલેજ કાર્યાલયનો સંપર્ક કરવો.